ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૭૧ ટકા

# શહેરના બજારમાં નવરાત્રીની ચમક

## ચણિયાચોળી અને જવેલરીનું ધૂમ વેચાણ : નવરાત્રી નજીક આવતા બજારોમાં ખરીદીનો ચળકાટ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરમાં શેરી ગરબા અને સોસાયટીઓમાં ગરબા રમવાની મંજુરી શહેરના બજારોને ફળી છે. બે



વર્ષ બાદ વેપારીઓને તહેવારોનો લાભ મળ્યો છે. નવરાત્રિને આડે હવે એક જ દિવસ બાકી છે તે પૂર્વે બજારોમાં ખરીદીનો ધમધમાટ ચાલી રહ્યો છે. નવરાત્રી પહેલાના શનિ-રવિએ સેકટર-૨૧, સેકટર-૨૪ તથા સ્થાનિક બજારોમાં ચણિયાચોળીથી લઈ જવેલરીની ખરીદી માટે પડાપડી જોવા મળી હતી.

સ્થાનિક વેપારીઓના અંદાજ મુજબ નવરાત્રિની સીઝનમાં જ વેપારીઓને સારો વેપાર થતા માર્કેટની ગાડી નોનસ્ટોપ દિવાળીના તહેવાર સુધી દોડશે તેવી આશા સાથે બજારોમાં નવી ઉર્જાનો સંચાર થયો છે અને વેપારીઓના ચહેરા પર પણ નવી ચમક જોવા મળી છે.

કોરોનાના કારણે છેલ્લા દોઢ બે વર્ષથી સ્થાનિક બજારોમાં વેપાર રોજગાર પડી ભાંગ્યા હતા. ખાસ કરીને નાના અને મધ્યમ વેપારીઓની હાલત કફોડી બની હતી. ગત વર્ષે તમામ તહેવારો અને લગ્ન પ્રસંગની મોસમ ફેઈલ જતા પારાવાર નુકશાન સહન કરવું પડયું હતું. કરોડોનો ફટકો સહન કરીને પણ વેપારીઓને આશા હતી કે હવે કોરોના હળવો થતા અને તહેવારોની



સિઝન શરૂ થતાં ફરીથી ખરીદીનો કરંટ બજારમાં જોવા મળશે અને તેમની આશા પણ પુરવાર સાબિત થઈ છે. છેલ્લા એક અઠવાડિયામાં શહેરના બજારોમાં ટ્રેડિશનલનો વેપાર કરતા વેપારીઓને નફો થતો જોવા મળી રહ્યો છે.

નવરાત્રી આવતાની સાથે જ ભાડા પર આપતા ચણિયાચોળી અને વેચાણ કરતી દુકાનોમાં સાતમ-આઠમ પછી નવરાત્રિના ટ્રેડિશનલ ચણિયાચોળીની ખરીદી શરૂ થઈ જતી હોય છે. લાંબા સમય બાદ ગરબો ઘુમવાના હોવાથી ચળિયાચોળી, કુર્તા, કેડીયા, જવેલરી સહિતની ખરીદીઓ ગરબાપ્રેમીઓ દ્વારા કરવામાં આવી રહી છે. દર વર્ષે પાર્ટી પ્લોટમાં થતા આયોજનના લીધે ખેલૈયાઓ નવ દિવસ દરમિયાન ગરબા રમવાના હોવાથી ભાડા પર બુકીંગ કરાવતા હતા પરંતુ આ વખતે ઘર આંગણે જ ગરબા રમવા માટેનો લાભ મળતા ખેલૈયાઓ ટ્રેડિશનલ ડ્રેસ પોતાની રીતે વસાવી રહ્યા છે. યુવા ખેલૈયાઓમાં સીમ્પલ અને સુંદર લાગે તેવી ચણિયાચોળીનો ક્રેઝ વધ્યો છે. જયારે અગાઉ ભારે વજનદાર ચણિયાચોળીનો ક્રેઝ વધુ હતો.

### છેલ્લી ઘડીએ નવી ડિઝાઈન અને સ્ટાઈલના ટ્રેડિશનલ ડ્રેસીસ બન્યા

**ગરબા રમવા માટેની મંજુરી મળતા વેપારીઓએ છેલ્લી ઘડીએ નવી ડિઝાઈનના ટ્રેડિશનલ ડ્રેસ તૈયાર કરાવ્યા છે. સરકારે ગરબા રમવા માટે નિર્ણય લીધો ન હોતો પરંતુ જયારે સોસાયટીઓ અને શેરી ગરબા માટે રમવાની મંજૂરી આપતા સ્થાનિક વેપારી નવો સ્ટોક તૈયાર કરાવા માટે તેમના ડિઝાઈનરને ઓર્ડર આપ્યા હતા. નવી ડિઝાઈનમાં બાંધણી, બાટિક, પટોળા પ્રિન્ટના ટ્રેડિશનલ ડ્રેસીસ મળી રહ્યા છે. કચ્છી ચણિયાચોળી બનાવવા માટે સમય લાગતો હોવાથી ગયા વખતનો સ્ટોક જ વેપારીઓએ વેચાણમાં મુકયો છે.**

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન દ્વારા ચિત્ર-પોસ્ટર મેકિંગ અને વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૫

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી સંદર્ભે માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહની પ્રેરણા અને કુલસચિવ ડૉ. અશોકભાઈ પ્રજાપતિ તેમજ સ્કૂલ ઑફ ચાઈલ્ડ, યુથ એન્ડ ફેમિલી ડેવલપમેન્ટના નિયામક ડૉ. રાકેશભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધા, પોસ્ટર મેકિંગ અને વકતૃત્વ સ્પર્ધા તાજેતરમાં ઑનલાઈન યોજાઈ ગઈ. રાજ્યકક્ષાની આ સ્પર્ધામાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સાથે સંલગ્ન કુલ ૬૫ જેટલાં વિદ્યાનિકેતનોમાંથી ૭૫ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. માનનીય કુલપતિશ્રીએ બાળકોને પ્રેરણાત્મક પ્રવચન આપી બાળકોમાં ઉત્સાહ જગાવ્યો હતો. માનનીય કુલસચિવશ્રી અને નિયામકશ્રીએ પણ ભાગ લીધેલા તમામ સ્પર્ધકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં. વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલના માર્ગદર્શનમાં આ સ્પર્ધાઓનું આયોજન કરાયું. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ડૉ.સંજયભાઈ પટેલ, ડૉ. ચિરાગ સોલંકી, ડૉ.પાર્થવીબેન ડામોર, હાર્દિક ભટ્ટ અને જયદેવ ધાંધિયાએ સેવા પૂરી પાડી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા વિદ્યાનિકેતન વિભાગના કર્મચારીઓ ડૉ. ચિરાગ સોલંકી, હાર્દિક ભટ્ટ અને પાર્થવીબેન ડામોર તથા સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# રાત્રે છ કલાક નેટ બંધ રહેતા સોશીયલ મીડિયા થંભી ગયુ

## રાત્રે ૯ થી ૩ દરમ્યાન ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ બંધ રહેતા જાતભાતના તર્ક-વિતર્કો : સોશીયલ મીડિયા સાથે સતત જોડાયેલા રહેતા યુવાનોએ બેચેની અનુભવી

ગાંધીનગર, તા. ૫



આજકાલ સોશીયલ મીડિયાનો જમાનો છે. કેટલાક યુવાનો સતત તેની સાથે જોડાયેલા રહે છે. ગઈકાલે રાત્રે છ કલાક નેટ બંધ રહેતા સોશીયલ મીડિયા જાણે થંભી ગયુ હતુ. રાત્રે ૯ થી ૩ વાગ્યા સુધી નેટ બંધ રહેતા જાતભાતના તર્ક-વિતર્કો થયા હતા તથા કેટલાક યુવાનોએ બેચેની અનુભવી હતી.

સોશીયલ મીડિયાનું આજકાલ સૌને ઘેલુ લાગ્યુ છે. બાળકોથી માંડી યુવાનો, મહિલાઓ અને વડીલો સુદ્ધા સોશીયલ મીડિયાનો ઉપયોગ કરતા થયા છે. એક આખુ વિશ્વ મોબાઈલની સ્ક્રીન પર આવી જાય તેટલુ આ મીડિયા પાવરફૂલ બનતુ જાય છે. નેટના આધારે ચાલતા સોશીયલ મીડિયાના ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને ટ્વીટરનો ઉપયોગ ખૂબ વધુ થાય છે. જાતભાતની પોસ્ટ દર સેકન્ડે તેના પર અપલોડ થતી રહે છે. રાત્રીના સમયે તેના પર ટ્રાફિક વધુ હોય છે. રાત્રે ૯ વાગે નેટનો ઉપયોગ વધુ થાય છે તે સમયે જ તે બંધ થઈ જતાં જાતભાતના તર્ક-વિતર્કો થયા હતા. સતત છ કલાક સુધી નેટ બંધ રહ્યુ હતુ. રાત્રે ૯ થી ૩ વાગ્યા સુધી નેટ બંધ રહેતા સોશીયલ મીડિયા થંભી ગયુ હતુ. યુવાનોએ બેચેની અનુભવી હતી. રાત્રીના સમયે અચાનક જ કેમ નેટ બંધ થઈ ગયુ તેની ચર્ચા સૌ કોઈ કરતા નજરે ચઢતા હતા. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ બંધ થઈ ગયુ હતુ. માત્ર ટ્વીટર જ ચાલુ રહ્યુ હતુ.


## ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે ગાંધી જયંતિની ઉજવણી



ગાંધીનગર, તા.૫


ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પુસ્તક પ્રદર્શન દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના પુસ્તકો ગોઠવવામાં આવ્યા હતા. જેનો લાભ સંકુલના વિદ્યાર્થીઓ અને સેવક મિત્રોએ લીધો હતો.

## સરકારી ઈજનેરી કોલેજમાં સાઈબર અવેરનેસ વિષય પર વેબીનાર યોજાયો



સરકારી ઈજનેરી કોલેજ, સે-૨૮, ગાંધીનગર ખાતે કોમ્પ્યુટર ઈજનેરી વિભાગ દ્વારા સાઈબર અવેરનેસ વિષય આધારિત લાઈવ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાયબર ક્રાઈમના પ્રકારો, સાયબર સતામણી, સામાજિક મીડિયા વ્યસન, સાયબર છેતરપિંડી અને ઓનલાઈન કૌભાંડો, બેંકિંગ નાણાંકીય છેતરપિંડી, સલામત ઈન્ટરનેટ સર્ફિંગ ટિપ્સ, સાયબર કાયદાઓ, સાયબર ક્રાઈમની જાણ વિગેરે બાબતે વિરલભાઈ પરમાર દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ બહોળા પ્રમાણમાં ભાગ લીધો હતો. આ તાલીમનું સુચારુ આયોજન આચાર્યશ્રી, પ્રો.ડો.શ્વેતા દવે, કોમ્પ્યુટર ખાતાનાં વડા પ્રો.ડો. ધવલ પરીખ, પ્રો.જે.એસ.ધોબી તથા પ્રો.ડો. પીનલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સરકારી વિજ્ઞાન કોલેજમાં ડીઝાઈન યોર કરિયર વીથ કોન્ફિડન્સ વિષય પર સેમિનાર યોજાયો




ગાંધીનગર, તા.૫

સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા ડીઝાઈન યોર કરિયર વીથ કોફિડન્સ વિષય પર વ્યાખ્યાન આયોજીત કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. મહેન્દ્ર ભટ્ટે પ્રસંગોચિત ઉદબોધ કર્યું હતું. વૈશાલી પારેખે વિવિધ ઉદાહરણો દ્વારા યોગ્ય કારકિર્દી પસંદ કરવાથી માંડીને ઈન્ટરવ્યુમાં કઈ રીતે સફળ થવું તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. ઉદ્દીશા પ્રકલ્પનાં કૉ. ઓર્ડીનેટર ડૉ. જિજ્ઞાસા ઠુંમર તથા કમીટીના સભ્યો વિવેક દવે, ડૉ. દિપેનકુમાર ગાંધી, ડૉ. પૂજા શર્મા અને ડૉ. મયુરી બારોટે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પ્રયત્નો કર્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકો સહિત લગભગ ૧૯૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# શહેરમાં નવરાત્રીની તડામાર તૈયારીઓ

## શહેર આખું નવ દિવસ આદ્યશકિત જગદંબાની ભકિતમાં લીન બનશે

ગાંધીગનર, તા.૫

નવલા નોરતાં આડે હવે એક જ દિવસ બાકી છે ત્યારે માઈ ભકતો દ્વારા નવરાત્રીની ઉજવણી સંદર્ભે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. શહેરમાં આવેલા માતાજીના મંદિરોમાં નવરાત્રી સંદર્ભે સજાવટ રંગ-રોગાન અને રોશનીથી ઝળહળતા કરવા ભકતો દિવસ રાત એક કરી રહ્યા છે.

ગુજરાતી ધાર્મિક પરંપરાનું સૌથી વધુ દિવસો સુધી ઉજવાતું પર્વ એટલે નવરાત્રી આસો સુદ એકમથી નોમ આ નવ દિવસ શ્રધ્ધાળુઓ આદ્ય શકિત માં અંબાની ભકિત, ગુણગાન, મહાપૂજા અને ગરબાની રમઝટમાં લીન રહે છે ત્યારે માં ભવાનીના નવ દિવસીય નોરતાની ઉજવણી પૂર્વેની તડામાર તૈયારીઓને ભકતો દ્વારા આખરીઓપ આપવામાં આવી રહ્યો છે. દૈવી મંદિરોમાં રહેલી ગરબીઓની સજાવટ સાથે નવ દિવસીય ઉજવણી જેમાં દરેક દિવસની અલગ અલગ પ્રકારે ઉજવણી અંગે ગોઠવણી કરવામાં આવી રહી છે. ગુરુવારે નવરાત્રી



પર્વનો આરંભ થશે નવ દિવસ માટે દરરોજ રાત પડે ને દિવસ ઉગશે શહેરનું યુવાધન શેરી ગરબામાં જોડાવા થનગની રહ્યું છે. શહેરના મુખ્ય બજારોમાં નવરાત્રી સંદર્ભેની વિવિધ ચીજવસ્તુઓ તથા પૂજા અર્ચનાની લેટેસ્ટ અવનવી વેરાઈટીઓનો રીતસર ખજાનો ખુલ્યો હોય એવો માહોલ જોવા મળી રહ્યો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રંગબેરંગી ચાઈનીઝ સિરીઝ સાથે લેસર લાઈટોની જબરી ડિમાન્ડ જોવા મળી રહી છે. ગત વર્ષે કોરોના મહામારીને પગલે ખેલૈયાઓ નોરતાની જાહેર ઉજવણી કરી શકયા ન હતા અને આ વર્ષે પણ સરકારે પ્રોફેશલ રાસ ગરબાની ઉજવણી આયોજન અંગે મંજુરી આપી નથી. પરંતુ શેરી તથા સોસાયટીઓમાં ૪૦૦ માણસોની લીમીટ સાથે મંજુરી આપી છે. પરિણામે આ વર્ષે શેરી ગરબાની જોરદાર રોનક જોવા મળશે. સોસાયટીઓ શેરીઓમાં દર વર્ષે યોજાતા નવરાત્રી આયોજનોની આ વર્ષે ખૂબ જ ડીમાન્ડ નીકળી છે. જાહેર-પ્રોફેશનલ આયોજનો બંધ રહેતા ખેલૈયાઓનો પ્રવાહ શેરી ગરબા તરફ વળ્યો છે. પરિણામે શેરીઓમાં સારા દરજ્જાની સાઉન્ડ સિસ્ટમની હીમાયત યુવાધન કરી રહ્યું છે અને ઈલેકટ્રીક સાઉન્ડ સિસ્ટમ અંગેના ઉપકરણોનું બજાર પણ આજકાલ ધમધમી રહ્યું છે. ખેલૈયાઓ મન મુકીને ખર્ચ ખરીદી કરી રહ્યાં છે. નવલાં નોરતાને વધાવવા ખેલૈયાઓ તત્પાર બન્યાં છે.

બીજી તરફ કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે જનતાને વેકિસન લેવા માટે પણ અપીલ કરવામાં આવી રહી છે.

## જન્મદિને વધામણી



મધુબેન દશરથલાલ ગાંધર્વ
મો. ૯૪૨૮૫ ૯૫૬૫૮



મિહીર પરેશભાઈ રાવળ
મો. ૯૯૯૮૫૫૭૨૩૩



હિરવા દક્ષેન ત્રિવેદી
મો. ૯૮૨૪૨ ૬૬૧૬૦



હેત્વા દક્ષેન ત્રિવેદી
મો. ૯૮૨૪૨ ૬૬૧૬૦



અવની દિપકકુમાર નિર્મલ
મો. ૯૯૨૪૪ ૯૧૨૭૭



અભિમન્યુસિંહ રાઠોડ
મો. ૮૫૧૧૬ ૨૦૦૩૯



રાવી અશ્વિન પંડયા

### શહેર પેન્શનર સમાજની આવતીકાલે કારોબારી બેઠક

ગાંધીનગર શહેર પેન્શનર સમાજના કારોબારી સભ્યની એક મીટીંગ સેકટર-૧માં આવેલ મહાકાલેશ્વર મંદિરમાં બપોરના ૩.૦૦ થી ૫.૦૦ વચ્ચે ગુરુવારના રોજ યોજાશે. તો સર્વે કારોબારી સભ્યોએ સમયસર હાજર રહેવા પ્રમુખ તથા ખજાનચી તરફથી જણાવાયું હતું. આ મીટીંગમાં આવનાર સભ્યએ કોરોનાની રસી લીધેલી હોવી જોઈએ તેમજ માસ્ક પહેરેલો હોવો જોઈએ.

### ચિરવિદાય

● મુકિતધામ ●

● સ્વ. દંતાણી કાન્તાબેન કનુભાઈ, ઉ.વ. ૫૦, મહુડી